# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૮, જૂન - જુલાઈ, ૨૦૨૨





## રૂપિયા ૧૩૪ કરોડના વીજ ક્ષેત્રના વિકાસ કાર્યોનું

## પાટડી ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે લોકાર્પણ





વિશ્વ યોગ દિનની ઉજવણી



## પાલનપુર અને ડીસા ખાતે નવનિર્મિત કચેરીઓનું

## માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને વરદ્ હસ્તે લોકાર્પણ

## આ અંકમાં


**અંક-૬૮**
**જૂન - જુલાઈ, ૨૦૨૨**

**તંત્રી**
શ્રી પ્રભવ જોશી, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી જે. કે. દરજી, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી. જે. ધનુલા, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી બી. જી. પ્રણામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી આઈ.જી. કટારા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી ડી. બી. પટેલ, કાર્યવાહક અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહિવટ), કડી, વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ,
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**પ્રિય વાચકમિત્રો,**
**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઈમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com


## આ અંકનાં આકર્ષણો...

### લોકાર્પણ




- પાલનપુર અને ડીસા ખાતે નવનિર્મિત કચેરીઓનું માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને વરદ્ હસ્તે લોકાર્પણ ૦૪





- માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે લોકાર્પણ ૦૮
- સમી પેટાવિભાગીય કચેરીનું પાટડી ખાતેથી લોકાર્પણ કરતાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ૦૯

**બઢતી**
- શ્રી જે.કે. દરજીએ મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે કાર્યભાર સંભાળ્યો ૧૦

**ઉજવણી**
- યુજીવીસીએલ દ્વારા "વિશ્વ યોગ દિન" ની ઉજવણી ૧૧

**વિદાય**
- શ્રી એલ.એ. ગઢવી, મુખ્ય ઈજનેર (ઓપી.) અને શ્રી વી.એચ. સોલંકી, અધિક્ષક ઈજનેર (ટેક.)ને ભવ્ય વિદાય ૧૨

**પ્રતિભાવ**
- 'પીક ઓફ સક્સેસ' વિશે પ્રતિભાવ ૧૩

**તેજસ્વી તારલા**
- યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા ૧૪

**સંક્ષિપ્ત સમાચાર**
- કડી ખાતે મેડિકલ હેલ્થ ચેકઅપનું આયોજન ૧૫



**‘વંદે ગુજરાત વિકાસયાત્રા’ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી રહેલ વિવિધ કામગીરીમાં ઉત્સાહભેર ભાગ લઈને આપણી કંપની દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવી રહેલી કામગીરી પ્રજા સુધી પહોંચાડવાના સંનિષ્ઠ પ્રયાસો કરીએ.**

**“મારી ચિંતા દૂરના ભવિષ્ય માટે નથી, હું તો હંમેશાં વર્તમાન પર જ પૂરું ધ્યાન લગાવું છું અને તેની જ મને ક્યારેક ચિંતા થાય છે. જો વર્તમાનને સંભાળી લઈએ તો ભવિષ્ય પોતાની મેળે જ સુધરી જશે.”**

**- મહાત્મા ગાંધી**

**પ્રિય કર્મચારી મિત્રો,**

આપણે વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષની કંપનીની કામગીરીને પ્રદર્શિત કરતું એક પુસ્તક Peak of Success તૈયાર કરીને આપણી કામગીરીનો હિસાબ સરકારશ્રી, હિતધારકો તથા માનવંતા ગ્રાહકો સમક્ષ પ્રસ્તુત કરેલ છે. વીજ વિતરણક્ષેત્રે રૂચિ ધરાવતા તજજ્ઞો તરફથી આપણી કંપનીમાં થઈ રહેલ પ્રવૃત્તિઓ અંગે મળેલ પ્રતિભાવો ઉત્સાહપ્રેરક છે, જેની હું ગૌરવભેર નોંધ લઉં છું. આગામી સંસ્કરણમાં આપણે વધુ સારી કામગીરી લોકો સમક્ષ પ્રસ્તુત કરીશું, તેવી આશા રાખું છું.

હાલમાં ચોમાસાની સીઝન આગળ વધી રહી છે, ત્યારે મને પૂરો વિશ્વાસ છે કે આ સમયની પડકારજનક કામગીરી માટે આપણે સૌ સજ્જ છીએ. કંપનીના માનવંતા ગ્રાહકોને અવિરતપણે વીજ પુરવઠો મળતો રહે અને આપણે સાવચેતી અંગેનાં સૂચનોનો અમલ કરી સુરક્ષિત, સફળ કામગીરી કરીએ તે માટે હું અનુરોધ કરું છું.

દરમિયાન, આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અપીલને માન આપીને સયુંક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા તા. ૨૧મી જૂનને ‘વિશ્વ યોગ દિવસ’ તરીકે ઉજવવાનો નિર્ધાર કર્યા બાદ આપણે આઠમા વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરેલ છે. આપણે આ એક દિવસના પ્રોત્સાહનથી હંમેશાં, રોજેરોજ યોગાભ્યાસ કરીશું તો સૌ સ્વસ્થ રહીશું અને ‘સ્વસ્થ કર્મચારી સ્વસ્થ કંપની’નો મંત્ર ચરિતાર્થ થશે.

એ સાથે જ, સરકારશ્રી દ્વારા ‘વંદે ગુજરાત વિકાસયાત્રા’ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી રહેલ વિવિધ કામગીરીમાં ઉત્સાહભેર ભાગ લઈને આપણી કંપની દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવી રહેલી કામગીરી પ્રજા સુધી પહોંચાડવાના સંનિષ્ઠ પ્રયાસો કરવા અનુરોધ કરું છું. આપણે સમાજને સમર્પિત એક કંપની તરીકે વૃક્ષારોપણ, આરોગ્ય તપાસ શિબિર, સલામતી અંગે જાગૃતિ, વીજ અકસ્માતની ઘટનાનું નાટકીય રૂપાંતરણ, વ્યસન મુક્તિ કાર્યક્રમો, શિસ્તના ધોરણો અને નૈતિક મૂલ્યોનું પાલન, ગ્રાહક સાથે કેવી રીતે વર્તવું અને સ્વચ્છતા અભિયાન વગેરે કાર્યક્રમો દ્વારા સમાજ પ્રત્યેની આપણી નિષ્ઠાને આગળ ધપાવતા રહીએ એવી અભિલાષા.

અંતમાં, ફરીવાર ચોમાસા દરમિયાનની કામગીરીમાં સલામતી માટે અત્યંત સજાગ રહેવા હું આપ સૌને હૃદયપૂર્વક અપીલ કરું છું.

**પ્રભવ જોશી,** આઇએએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# પાલનપુર અને ડીસા ખાતે નવનિર્મિત કચેરીઓનું માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને વરદ્ હસ્તે લોકાર્પણ

ગુજરાત સરકાર દ્વારા માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને વરદ્ હસ્તે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકની પાલનપુર અને ડીસા ખાતેના નવનિર્મિત કચેરીઓના લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી કીર્તિસિંહ વાઘેલા, રાજ્યકક્ષાના મંત્રી પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, શ્રી પરબતભાઈ પટેલ, સંસદસભ્ય, બનાસકાંઠા, શ્રી દિનેશભાઈ અનાવાડિયા, સંસદસભ્ય, રાજ્યસભા, શ્રી શશીકાંત પંડ્યા, ધારાસભ્ય, ડીસા, શ્રી હરિભાઈ ચૌધરી, પૂર્વ ગૃહરાજ્યમંત્રી ભારત સરકાર, શ્રી કેશાજી ચૌહાણ, પૂર્વ મંત્રી ગુજરાત રાજ્ય, શ્રી હરજીવનભાઈ પટેલ, પૂર્વ મંત્રી ગુજરાત રાજ્ય, શ્રી કાન્તિલાલ કચોરીયા, પૂર્વમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, શ્રી આનંદ પટેલ, કલેક્ટર, બનાસકાંઠા, પાલનપુર અને ડીસાના સામાજિક અને રાજકીય આગેવાનો તેમજ નવાબી શહેર પાલનપુર અને ડીસાના પ્રબુદ્ધ નાગરિકો, માનવંતા વીજ-ગ્રાહકો, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકાર મિત્રો, ગુજરાત સરકારના અધિકારીશ્રીઓ, યુજીવીસીએલના ઉચ્ચઅધિકારીઓ, કર્મચારી ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય, તક્તિનું અનાવરણ તેમજ રિબન કાપીને કરવામાં આવેલ. ઉપસ્થિત મહાનુભાવોએ નવનિર્મિત કચેરીઓના મકાનોનું બારીકાઇથી નિરીક્ષણ કરેલ.

પાલનપુર વર્તુળ કચેરી અને વિભાગીય કચેરીના રૂપિયા ૧૬૪.૩૨ લાખના ખર્ચે તથા ડીસા વિભાગીય કચેરી-૧ અને ૨, લેબોરેટરી, સ્ટોર બિલ્ડીંગના રૂપિયા ૪૮૬.૧૩ લાખના ખર્ચે તૈયાર થયેલ છે.

ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા તેમજ "સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ" આપવાના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા કંપની દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. કંપનીના ગ્રાહકોને અને કર્મચારીઓને વધુ સારી સગવડો આપવા માટે અદ્યતન મકાનો બનાવવામાં આવે છે જેનાથી કર્મચારીઓ વધુ કાર્યક્ષમતાથી કામગીરી કરી શકે. આશા છે કે, આ નવિન અદ્યતન કચેરીની સગવડતા પ્રાપ્ત કરનાર કર્મચારીઓ ગ્રાહકોને વધુ ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરશે.


પાલનપુર ખાતે લોકાર્પણ


પાલનપુર ખાતે તક્તિનું અનાવરણ


પાલનપુર ખાતે ઉપસ્થિત મહાનુભવો

રાજ્યની ઉત્તર સરહદે આવેલ બનાસકાંઠા જિલ્લો એ છેવાડાનો જિલ્લો છે કે જે રાજસ્થાનની સરહદ સાથે તેમજ પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલ છે. કુલ ૧૨૩૭ ગામો અને ૬ શહેરી વિસ્તાર ધરાવતી પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ૧૭૫ સબસ્ટેશનમાંથી કુલ ૧૯૮૯ ફીડરો દ્વારા અને ૧,૩૫,૬૧૯ ટ્રાન્સફોર્મર સેન્ટર દ્વારા કુલ ૯,૩૭,૫૮૯ જેટલા વીજગ્રાહકોને વીજપુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે. બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧,૫૪,૪૬૨ જેટલા ખેતીવાડી વીજજોડાણો કાર્યરત છે જે જિલ્લાના કુલ વપરાશનો ૮૦ ટકા હિસ્સો ધરાવે છે. રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાઓનું સફળ અમલીકરણ કરવામાં આવી રહેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પાલનપુર વર્તુળ કચેરીના વિસ્તારમાં ૭,૦૭૦ નવિન ખેતી વિષયક વીજજોડાણો રૂપિયા ૧૨,૭૯૩ લાખના ખર્ચે આપવામાં આવેલ છે. જે પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૬,૪૮૯ નવિન ખેતીવાડી વીજજોડાણો રૂપિયા ૧૧,૪૮૪ લાખના ખર્ચે આપવામાં આવેલ છે. "સરદાર કૃષિ જ્યોતિ યોજના" અન્વયે ખેડૂતોને સતત અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવાના હેતુ માટે કૃષિ વિષયક ફીડરોના જુના જર્જરિત વીજવાયરોને અને આનુસંગિક માલસામાન બદલવાની કૃષિ વિષયક ફીડરોના વિભાજનની કામગીરી માટે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૯૫.૧૫ લાખના ખર્ચે ૧૪૪ કિ.મી. વીજવાયર બદલાવી વિવિધ ખેતીવાડી ફીડરોના સુદ્રઢીકરણની કામગીરી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન લોડ વધારાને ધ્યાનમાં લઈને સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ પાલનપુર વર્તુળ કચેરીના વિસ્તારમાં કુલ ૧૦૧ ફીડરોનું અંદાજીત રૂપિયા ૧,૦૮૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે જે પૈકી બનાસકાંઠા

જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ ૧૦૦ ફીડરોનું વિભાજન અંદાજીત રૂપિયા ૧,૦૬૬ લાખના ખર્ચે કરવામાં આવેલ છે. ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રકચર શિફ્ટિંગ યોજના હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળના વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓના વિસ્તૃતીકરણ અથવા હયાત રસ્તાઓ પર અડચણ રૂપ હયાત વીજ વિતરણ રેષાઓ અને સંલગ્ન વીજ માળખાનું શિફ્ટિંગ/રિપ્લેસમેન્ટ કરવામાં આવેલ છે. જે અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પાલનપુર વર્તુળ કચેરી વિસ્તારમાં કુલ રૂપિયા ૨૮૪.૬૭ લાખના ખર્ચે નગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ ઉપર અડચણરૂપ વીજમાળખાઓને સ્થળાંતરિત કરવામાં આવેલ છે, જે પૈકી બનાસકાંઠામાં કુલ રૂપિયા ૨૭૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. "સૂર્ય ગુજરાત - સોલાર રૂફટોપ યોજના" અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પાલનપુર વર્તુળ કચેરીના વિસ્તારમાં કુલ ૨,૭૨૦ સોલાર રૂફટોપ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે જે પૈકી બનાસકાંઠામાં અંદાજે ૧,૮૪૦ વીજગ્રાહકો દ્વારા સોલાર રૂફટોપ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. "પી.એમ. કુસુમ યોજના" અન્વયે ખેડૂતો સૌર ઊર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરી ૫ હોર્સ પાવર, ૭.૫ હોર્સ પાવર તેમજ ૧૦ હોર્સ પાવરના પોતાના પંપસેટ ચલાવી શકે તે હેતુથી સરકારશ્રીની પી.એમ. કુસુમ યોજના કોમ્પોનેટ-બી અન્વયે પાલનપુર વર્તુળ કચેરી હેઠળ ૩૯ અરજદારોને ઓફ ગ્રીડ સોલાર વોટર પંપસેટ આપવામાં આવેલ છે. "સૂર્ય શક્તિ કિસાન યોજના" અન્વયે રાજ્યના ખેડૂતો પોતાના ખેતરમાં સૂર્ય ઊર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરી જરૂરિયાત મુજબ વપરાશ કર્યા બાદ બાકીની વીજળી વીજવિતરણ કંપનીઓને વેચીને વધારે આવક ઉભી કરી શકે છે જેમાં પાલનપુર વર્તુળ કચેરી વિસ્તારના ૫ ફીડરો કાર્યાન્વિત કરીને ૧૪૩ ખેતીવાડી વીજગ્રાહકોને લાભ આપવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જીલ્લામાં ૨ ફીડરો કાર્યાન્વિત કરી ૭૫ ખેતીવાડી વીજગ્રાહકોને લાભ આપવામાં આવેલ છે. "અનુસુચિત જાતિ પેટા યોજના" અન્વયે સરકાર શ્રી તરફથી ખાસ અંગભૂત પેટા યોજના હેઠળ મળતી ગ્રાન્ટ હેઠળ અનુસુચિત જાતિના લાભાર્થીઓને કુલ ૧,૩૫૫ વીજજોડાણો રૂપિયા ૭૦ લાખના ખર્ચે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન આપવામાં આવેલ છે. જે પૈકી બનાસકાંઠામાં કુલ ૧,૧૭૦ વીજજોડાણ રૂપિયા ૬૦ લાખના ખર્ચે આપવામાં આવેલ છે. "કુટીર જ્યોતિ યોજના" હેઠળ રાજ્ય સરકાર શ્રી તરફથી આદિવાસી વિસ્તારમાં વસવાટ કરતાં અનુસુચિત જનજાતિના લાભાર્થીઓના ઘરોનું વીજળીકરણ કરવામાં આવેલ છે. જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પાલનપુર વર્તુળ કચેરી વિસ્તારમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧,૧૫૧ વીજજોડાણો રૂપિયા ૬૨.૫૮ લાખના ખર્ચે આપવામાં આવેલ છે.

છેલ્લા પાંચ વર્ષમાં ખેતીવાડીના ગ્રાહકો માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કુલ ૭૨૨૫૦ (બોત્તેર હજાર બસ્સો પચાસ) જેટલા વીજ-કનેકશનો આપવામાં આવેલ છે જેમાં કુલ ૩૪૦૨૧ (ચોત્રીસ હજાર એકવીસ) જેટલા વીજ-કનેકશનો માત્ર પાલનપુર સર્કલમાં આપવામાં આવેલ છે. ગુજરાત સરકારની ઝુપડપટ્ટી યોજના અન્વયે કંપનીએ કુલ ૫૮૩૩૦ (અઠાવન હજાર ત્રણસો ત્રીસ) જેટલા વીજ-કનેકશનો આપેલ છે. જે પૈકી ૧૧૩૮૦ (અગિયાર હજાર ત્રણસો એંશી) જેટલા વીજ-કનેકશનો માત્ર પાલનપુર સર્કલમાં આપવામાં આવેલ છે. સમગ્ર યુજીવીસીએલમાં ૧૫૦૨ (પંદરસો બે) જેટલા નવિન ફીડરો કુલ ૩૩૪૨ (તેત્રીસો બેત્તાલીસ) કિલોમીટરની લંબાઈ ધરાવતા કાર્યાન્વિત કરેલ છે જે પૈકી પાલનપુર સર્કલમાં ૬૦૩ (છસો ત્રણ) જેટલા નવિન ફીડરો, ૧૨૯૨ (બારસો બાણું) કિલોમીટરની લંબાઈ ધરાવતા કાર્યાન્વિત કરેલ છે. કંપનીના કાર્યવિસ્તારમાં કુલ ૬૪ જેટલા નવા સબસ્ટેશનો છેલ્લા પાંચ વર્ષમાં કાર્યાન્વિત કરેલ છે જે પૈકી પાલનપુર સર્કલમાં કુલ ૨૧ (એકવીસ) જેટલા નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરેલ છે. કંપનીકરણ બાદ કુલ ૪૧ (એક્તાલીસ) જેટલા નવા સબડિવિઝનો કાર્યાન્વિત કરેલ છે જે પૈકી ૧૩ (તેર) જેટલા સબડિવિઝનો પાલનપુર સર્કલમાં કાર્યાન્વિત કરેલ છે.


પાલનપુર ખાતે ઉદ્‌બોધન

ડિવિઝનોની વાત કરીએ તો બોપલ, પાલનપુર-૨, ડીસા-૨, ભિલોડા, ગાંધીનગર ખાતે નવા ડિવિઝનો શરૂ કરવામાં આવેલ છે. ગ્રાહકોની આવશ્યકતાને ધ્યાનમાં લઈને તેમજ વધુ સારી સેવા આપી શકાય તેવા ઉદ્દેશથી કંપની દ્વારા મુકવામાં આવેલી દરખાસ્તો મુજબ નવિન ઓફિસો તેમજ કર્મચારીઓની સંખ્યામાં વધારો કરવા માટે સરકારશ્રી પ્રતિબદ્ધ છે.

"જ્યોતિગ્રામ યોજના" થી "કિસાન સૂર્યોદય યોજના સુધી" ઊર્જા વિભાગ દ્વારા ગુજરાતના વીજ-ગ્રાહકોને વધુ સારી સેવા આપી શકાય તેમાટે તમામ પ્રકારના ગ્રાહકો ઉપરાંત ખેડૂતોની ચિંતા કરી છે. અગાઉના સમયમાં વીજળી માટેના જે પ્રશ્નો હતાં તેમજ વીજ-કનેકશનો માટે લાંબી યાદીઓ હતી, જ્યારે હવે માગો ત્યારે તુરત જ વીજ-કનેક્શન આપવાની ખાતરી વિધાનસભામાં આપવામાં આવેલ છે.

અગાઉની સરકાર કરતા ખેડૂતોના હિતનું વધારે ધ્યાન રાખવામાં આવેલ છે. ખેડૂતોને વીજળી માટે ગત વર્ષે ૭૪૦૦ (સાત હજાર ચારસો કરોડ)ની સબસીડી આપવામાં આવેલ છે. ગુજરાત સરકાર ખેડૂતોના માથે ભારણ ના મુકતાં વધતા કનેકશનો સામે વધુ સબસીડીનો બોજ ઉઠાવે છે. ખેડૂતોની આવક વધતાં તેઓનો સર્વાંગી વિકાસ થયેલ છે. ખેડૂતોને આપવામાં આવતાં એક વીજ-કનેક્શન પાછળ સરકારશ્રી ને સરેરાશ રૂપિયા ૧,૬૦,૦૦૦ (એક લાખ સાઈઠ હજાર) નો ખર્ચ આવે છે.

ગુજરાત રાજ્ય વિકાસનું રોલ-મોડેલ છે ત્યારે લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની જવાબદારી સરકારશ્રી સુપેરે નિભાવી રહેલ









ડીસા ખાતે સ્વાગત

છે. ખેડૂતોને સમયસર બિયારણ, વીજળી, ખાતર, પાણી મળે અને ઉત્પાદિત થયેલ પાકને ઊંચો ભાવ અને સસ્તું ધિરાણ મળે તે માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહેલ છે.

દુનિયાનો સૌથી મોટો રિન્યુએબલ્સ એનર્જી પાર્ક જેની ક્ષમતા ૩૦,૦૦૦ મેગાવોટ ઉત્પાદનની છે. જેનું ખાત મુહૂર્ત કચ્છમાં કરવામાં આવેલ છે. સ્કાય અને પી.એમ. કુસુમ યોજના દ્વારા ખેડૂતો પોતાના ખેતરમાં વીજળી ઉત્પન્ન કરી વધારાની વીજળી સરકારને વેચે તે માટે અમલમાં મુકેલ છે. આધુનિક ટેકનોલોજી સાથે જોડીને ખેડૂતોને ખેતી વિષયક સાધનો પૂરાં પાડવામાં આવેલ છે. જેનાથી ઓછી મહેનતે વધુ પાક લઈ શકાય. આવક વધારવા માટે પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતની આવક બમણી કરવાનો જે સંકલ્પ કર્યો છે તેને આગળ વધારી રહેલ છે.

તાજેતરમાં પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મર જેનો આવિષ્કાર વર્ષ ૨૦૧૨માં કરવામાં આવેલ તેનું પેટન્ટ મેળવી ભારતની પ્રથમ વીજ-વિતરણ કંપની બનેલ છે. અહીં નોંધપાત્ર બાબત એ છે કે, ભારતના સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તમામ ગામડાઓને તેમજ છુટાછવાયા રહેઠાણોને સતત ચોવીસ કલાક વીજળી મળી રહે તે



ડીસા ખાતે સ્વાગત

માટે કરેલ પ્રયત્નો માટે આ સંશોધન અતિ મહત્ત્વનું પરિબળ પુરવાર થયેલ છે.

કંપની દ્વારા ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહેલ છે સાથે સાથે વિકટ સમયમાં આવેલ વિનાશક પૂર વખતે વીજ-વિતરણ વ્યવસ્થા ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે મહત્ત્વનું યોગદાન આપેલ છે. ઊંઝા ખાતે યોજાયેલ લક્ષચંડી મહાયજ્ઞ વખતે ઊંઝા ઉમિયા સંસ્થાન દ્વારા માગવામાં આવેલ ઐતિહાસિક વીજ-પુરવઠો પૂરો પાડવાની યશસ્વી કામગીરી કરીને પોતાની ક્ષમતા પુરવાર કરેલ છે. દર વર્ષે અંબાજી ખાતે યોજાતા ભાદરવી પુનમના મેળાને સફળ બનાવવા માટે સુદ્રઢ વીજ-વિતરણની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવી રહેલ છે.

કાર્યક્રમની શરૂઆતમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ સ્વાગત પ્રવચનમાં મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોનો શબ્દોથી સ્વાગત કરીને જણાવેલ કે, ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ગુજરાતની ચાર વીજ-વિતરણ કંપની પૈકી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કંપનીકરણ બાદના ૧૭ વર્ષના ગાળામાં ૩૧ (એકત્રીસ) જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ ઉપરાંત વર્ષ ૨૦૧૩થી સતત A+ રેટિંગ મેળવીને ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે પોતાને પ્રસ્થાપિત કરેલ છે. વીજવિતરણના દરેક ક્ષેત્રમાં વધુ સારી કામગીરી માટે અમો સતત પ્રયત્નશીલ છીએ.

ભારતના સ્વપ્નદ્રષ્ટા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલકલામના વરદ્ હસ્તે લોકાર્પણ કરેલ "જ્યોતિગ્રામ યોજના" સમગ્ર રાષ્ટ્રમાં સૌ પ્રથમ અમલીકરણ દ્વારા ગામડાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાના નિર્ણય બાદ યુજીવીસીએલએ સફળ અમલીકરણ કરી રાષ્ટ્રને રાહ ચિંધેલ છે જેના માટે યુજીવીસીએલ ગૌરવ અનુભવે છે. ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે માનવંતા ગ્રાહકોને "સર્વોત્તમ સેવા થકી સંતોષ" આપવાનો ધ્યેય ચરિતાર્થ કરવા અને વધુ સારી સેવા આપવા પ્રતિબદ્ધ છીએ. આજના લોકાર્પણ સમારંભના શુભદિને લાભાન્વિત થનાર માનવંતા વીજ ગ્રાહકો અને કર્મચારીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી વિરમું છું.

શ્રી પરબતભાઈ પટેલ, સંસદ સભ્ય, બનાસકાંઠા એ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે, અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના સમયમાં વીજવિતરણ અંગેની વિષમ પરિસ્થિતિમાંથી આજના સમયમાં કંપનીકરણ બાદમાં થયેલ

આમૂલ પરિવર્તનને લીધે ગુજરાત રાજ્યનો સર્વાંગી વિકાસ થયેલ છે. કંપની દ્વારા તમામ પ્રકારના ગ્રાહકોને વધુ સારી સુવિધા મળે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે જેની નોંધ લઇ કર્મચારીઓની કામગીરીને બિરદાવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી કીર્તિસિંહ વાઘેલા, રાજ્યકક્ષાના મંત્રી પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ એ જણાવેલ કે, ગુજરાત વિદ્યુત બોર્ડના સમયમાં અનિયમિત વીજ પાવર મળતો હતો તેની સામે ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ઊર્જા ક્ષેત્રમાં વિશેષ પ્રગતિ કરેલ છે. ગુજરાતના તમામ ગામડાઓમાં સતત ૨૪ કલાક વીજળી પૂરી પાડી તેમજ ગુજરાતના ખેડૂતોને સતત ૮ કલાક વીજળી પૂરીપાડવાનું ભગીરથ કાર્ય કરેલ છે તેમજ રાજ્ય સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોમાં અસરકારક કામગીરી કરીને વિકાસની હરણફાળ ભરેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અદ્યતન કચેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કચેરી દ્વારા મોર્ડન ટેકનોલોજીના માધ્યમથી લોકોને સારી સુવિધા પ્રાપ્ત થશે તથા કૃષિ અને પશુપાલન આધારિત બનાસકાંઠા જિલ્લાના વિકાસમાં ખૂબ ઉપયોગી સાબિત થશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે વીજ કટોકટીના સમયમાં ખેડૂતોને પુરતી વીજળી આપીને ખેડુતોના પાક બચાવ્યા છે જે બદલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર વ્યક્ત કરું છું.

વધુમાં જણાવેલ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નેચરલ એનર્જીનો વિકલ્પ આપીને ગુજરાતને વીજ ક્ષેત્રે સરપ્લસ સ્ટેટ બનાવ્યું છે. મંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં અંધારા ઉલેચી અજવાળાં પાથરવાનું કામ કર્યું છે.

નવિન કચરીઓના લોકાર્પણથી લાભાન્વિત થનાર તમામ લાભાર્થીઓને અભિનંદન પાઠવેલ.

ડીસાના ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યાએ જણાવ્યું કે આ સરકારે ડીસાના વિકાસ માટે ખૂબ આપ્યું છે. ખેતી વિષયક વીજ જોડાણો, સોલાર રૂફટોપ યોજના, સરદાર કૃષિ જ્યોતિ યોજના હેઠળ જુના અને જર્જરીત વીજ વાયરો બદલવા સહિત ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વીજ કનેક્શનો આપવામાં આવ્યા છે.

માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ એ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવેલ કે, આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીજ સંકટના નિવારણ માટે નાંખેલા પાયાના પરિણામે આજે વીજ ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય છે. સોલાર, વિન્ડ પાવર અને રૂફ ટોપ યોજનાથી વીજ પ્રશ્ન સૉલ્વ કરવામાં



ડીસા ખાતે ઉદ્બોધન

સફળતા મળી છે. તેમણે કહ્યું કે સોલાર રૂફટોપ યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં ૮૦ ટકા કામગીરી સાથે પ્રથમ સ્થાને છે. તેમણે કહ્યું કે આ વખતે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે કે ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં એક પણ વીજ કનેક્શન બાકી નહીં રહે. તેમણે કહ્યું કે ગ્રાહકોની સુવિધા માટે અદ્યતન કચેરીઓ અને ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પુરો પાડવા રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે.

વધુમાં યુજીવીસીએલની સંશોધનાત્મક પ્રવૃત્તિને આધીન રહીને પેટન્ટ મેળવેલ પ્લાન્ટ લોડ ટ્રાન્સફોર્મર માટે ગૌરવની લાગણી વ્યક્ત કરી કામગીરી સંલગ્ન તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ તેમજ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન યુજીવીસીએલની કામગીરી માટે હકારાત્મક વાતો જ જાણવા મળેલ છે કોઈ જ ફરિયાદ મળેલ નથી તે માટે પણ કર્મચારીઓની કામગીરીને બિરદાવેલ.

આભારવિધિ અધિક્ષક ઈજનેર પાલનપુર શ્રી આઈ.જી. કટારા દ્વારા કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એલ.એ. ગઢવીના નેતૃત્વ હેઠળ પાલનપુર વર્તુળ કચેરીના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમના ઉદ્ઘોષક તરીકે શ્રી સ્નેહલભાઇ જોશી નાયબ અધિક્ષક હિસાબ, કોર્પોરેટ ઓફિસ મહેસાણા તેમજ રોશનીબેને સુંદર કામગીરી કરેલ. ■

## કાવ્યધારા

કહે છે લોક કે
માણસ માણસ મટી ગયો
શરણ માણસનું ના રહ્યું
બસ એટલે જ ફંટાઈ ગયો,

વિશ્વાસની હતી વાત એ બસ
હવે એ તૂટતો ગયો
બસ એટલે જ માણસ
ઈશ્વરની નજીક ગયો,

ઊપર છે એ દેખાતું નથી
નીચે છે એ મનાતું નથી
બસ કારણ આટલું જ છે
માણસ માણસથી દૂર થતો ગયો,

કુંટુંબ વિખરાયું
વિખરાયો સમાજ
વળી છોડી દીધું ગામ
માણસ માણસને ભૂલી ગયો આમ,

આવો થઈએ ભેગા
પુરાના જમાનાને કરીએ યાદ
મળીએ એક મેકને રોજ
મળીને કરીએ રોજ મોજ,

આવો ફરી માણસ બનીએ
ઈશ્વરને એક બીજામાં જોઈએ
ભૂલી બીજું બધું
ફરી એક વાર માણસ બનીએ.

**- શ્રી શૈલેશ એમ. યાદવ**
નાયબ ઈજનેર, પ્રાંતિજ

## પાટડી ખાતે કુલ રૂપિયા ૧૩૪ કરોડના વીજ ક્ષેત્રના વિકાસ કાર્યોનું

# માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે લોકાર્પણ

### યુજીવીસીએલના 80 લાખના ખર્ચે તૈયાર થયેલ સમી પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ



પાટડી ખાતે દીપપ્રાગટ્ય

તા. ૧૬ જૂન ૨૦૨૨ના રોજ પાટડી ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, કેબિનેટ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, જિલ્લા પ્રભારી મંત્રી શ્રી દેવાભાઇ માલમ, જિલ્લા પંચાયત પ્રમુખ સુશ્રી બબુબેન પાંચાણી, વઢવાણ ધારાસભ્ય શ્રી ધનજીભાઇ પટેલ, ધ્રાંગધ્રાના ધારાસભ્ય શ્રી પરસોત્તમભાઇ સાબરીયા, પાટડી તાલુકા પ્રમુખ શ્રી પ્રકાશ ડોડીયા, પાટડી નગરપાલિકાના પ્રમુખ શ્રી મૌલેશ પરીખ તથા જિલ્લાઅગ્રણી શ્રી જગદીશભાઈ મકવાણા, શ્રી અનિરુદ્ધસિંહ પઢિયાર, શ્રી પૂનમભાઇ મકવાણા, શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિતના અગ્રણીઓ તેમજ જિલ્લા કલેકટર શ્રી કે.સી. સંપટ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હરેશ દુધાત, અધિક નિવાસી કલેક્ટર શ્રી એન. ડી. ઝાલા, શ્રી ઉપેન્દ્ર પાંડે, મેનેજિંગ ડિરેક્ટર જેટકો સહિતના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ તથા લાભાર્થીઓ, પાટડીના પ્રબુદ્ધ નાગરીકો તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનીક્સ મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં કુલ રૂપિયા ૧૩૪ કરોડના વીજ ક્ષેત્રના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવેલ.

સમારંભની શરૂઆતમાં શ્રી ઉપેન્દ્ર પાંડે, મેનેજિંગ ડિરેક્ટર જેટકો દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનો શબ્દોથી સ્વાગત કરીને આવકારેલ ત્યારબાદ તમામ મહાનુભાવોનું ફળોની ટોકરી અર્પણ કરીને સ્વાગત કરેલ, જે બાદમાં આંગણવાડીની બહેનોને બાળકો માટે આપવામાં આવેલ.

કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પાટડી ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજી, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાહાર અર્પણ કર્યા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ મિશન મંગલમ યોજના હેઠળના ગ્રામ્ય સખી સંઘોને તેમજ પ્રોડ્યુસર ગ્રુપ સંઘોને સહાયના ચેક તેમજ નગરપાલિકા વિસ્તારમાં 'નલ સે જલ' યોજનાના મંજૂરી હુકમ અને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના ચેકોનું વિતરણ કર્યું હતું.

પ્રાસંગિક ઉદ્બોધનમાં ઊર્જામંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ જણાવેલ કે, ગુજરાતમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના



ફળોની ટોકરી દ્વારા સ્વાગત

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની દુરંદેશીના કારણે ઊર્જા વ્યવસ્થાનું એટલું સુદ્રઢ માળખુ ગોઠવાયું છે કે સમગ્ર વિશ્વમાં ઊર્જાની કટોકટી સર્જાઇ છે, જ્યારે ગુજરાતને રાહત મળેલ છે. ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ વધ્યો છે તેમ છતાં રાજ્ય સાતત્યપૂર્ણ, વિશ્વસનીય વીજ પૂરવઠો પૂરો પાડી રહ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૯ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે અને જિલ્લામાં કાર્યરત કુલ સબસ્ટેશનોની સંખ્યા ૯૩ થઈ છે. જિલ્લામાં આગામી બે નાણાકીય વર્ષમાં અન્ય ૧૧ સબસ્ટેશન કાર્યરત કરવાનું આયોજન છે. જે પૈકી ૬૬ કે.વી.નાં ધ્રાંગધ્રા તાલુકા ખાતે ૦૩ સબસ્ટેશન, મૂળી તાલુકા ખાતે ૦૩ સબસ્ટેશન, વઢવાણ તાલુકા ખાતે ૦૨ સબસ્ટેશન, ચોટીલા અને લખતર તાલુકામાં ૧-૧ સબસ્ટેશન તેમજ પાટડી તાલુકામાં ધામા ખાતે ૨૨૦ કેવીનું સબસ્ટેશન સ્થાપવાનું આયોજન છે.

પાટડી જેવા અંતરિયાળ વિસ્તારમાં ૩.૬૪ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા હાઈસ્કૂલના મકાનની ભેટ આપવા બદલ

અભિનંદન પાઠવતા રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, પાટડી સહિતના ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણક્ષેત્રે તમામ શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ગુણોત્સવ, પ્રવેશોત્સવ, કન્યા કેળવણીની પહેલથી નવી રાહ ચીંધી છે ત્યારે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશાનિર્દેશમાં ગુજરાતમાં બે દાયકામાં અંતરિયાળ વિસ્તારો સુધી પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, આવાસ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડીને સરકારે છેવાડાના માનવીને વિકાસની મુખ્યધારામાં સામેલ કર્યા છે. તેને પરિણામે ગુજરાત સર્વગ્રાહી વિકાસનું આગવું મોડલ બન્યું છે.


પાટડી ખાતે ઉદ્‌બોધન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીથી રાજ્યની જનતાને ઊર્જાના ૧૫ પ્રકલ્પો સમર્પિત કર્યા હતા, કુલ રૂ. ૧૩૪ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરેલ.

મુખ્યમંત્રીશ્રીએ ૬૬ કે.વી.ના ૧૨ સબસ્ટેશન અને ૨૨૦ કે.વી.નું ૦૧ સ્ટેશન એમ કુલ ૧૩ વીજ સ્ટેશનના લોકાર્પણ તેમજ ૬૬ કે.વી.ના ૨ સબસ્ટેશનના ખાતમુહૂર્ત કર્યા હતા. ઉપરાંત સમી પેટા વિભાગીય કચેરી તેમજ પાટડીની સુરજમલજી હાઇસ્કૂલના નવનિર્મિત ભવનના લોકાર્પણ કરેલ. ગુજરાતના ગામડાઓના અંધારા સરકારે જ્યોતિ ગ્રામ યોજનાથી ઉલેચ્યા છે, સરકારે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અવિરત વીજળી અને ગામમાં જ અદ્યતન આરોગ્ય સેવાઓ આપીને સૌના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં વિકાસની ગતિ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમા વધુ વેગવાન બનાવવા તેમની ટીમ સતત કર્તવ્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા જેવી મૂળભુત બાબતો પ્રત્યે ધ્યાન

## સમી પેટાવિભાગીય કચેરીનું પાટડી ખાતેથી લોકાર્પણ કરતાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ


સમી ખાતે દીપપ્રાગટ્ય


સમી ખાતે વૃક્ષારોપણ


સમી ખાતે વૃક્ષારોપણ





ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે તા.૧૬-૦૫-૨૦૨૨ના રોજ ઓનલાઇન પાટડી ખાતેથી મહેસાણા વર્તુળ કચેરીના સમી પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવેલ.

આ પ્રસગે શ્રી ભરતસિંહ ડાભી, સંસદસભ્ય પાટણ, શ્રી દિલીપસિંહ ઠાકોર, ધારાસભ્ય ચાણસ્મા, શ્રી દશરથજી ઠાકોર, રાજકીય આગેવાન, શ્રી નાગરજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય, રાધનપુર, શ્રી ભરતભાઈ આર્યા, રાજકીય આગેવાન, શ્રી બાબુજી ઠાકોર, રાજકીય આગેવાન, શ્રી ભલાભાઈ કટારીયા, રાજકીય આગેવાન, શ્રી માનસિંહભાઈ ચૌધરી, ઉપપ્રમુખ, તાલુકા પંચાયત, શ્રી બી.જી. પ્રણામી, અધિક્ષક ઈજનેર, મહેસાણા તેમજ કંપનીના ઉચ્ચઅધિકારીઓ, કર્મચારીઓ, માનવંતા ગ્રાહકો, ઈલેક્ટ્રોનિક્સ અને પ્રિન્ટ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહેલ.

સંસદસભ્ય શ્રી ભરતભાઈ ડાભીના પ્રમુખ સ્થાને રૂપિયા ૮૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આધુનિક ટેકનોલોજીથી સજ્જ એવા અદ્યતન મકાન કે જેમાં ઓફિસ માટેની જરૂરી તમામ સેવાઓ ઉપલબ્ધ છે તેવા મકાનનું રીબન કાપીને ખુલ્લી મુકવામાં આવેલ.

ત્યારબાદ કેમ્પસમાં મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ પ્રસંગે રાજકીય મહાનુભાવો દ્વારા અગાઉના સમયમાં અને હાલના સમયમાં વીજ ક્ષેત્રે થયેલ મહત્ત્વના પરિવર્તનોની નોંધ લઈને ઉત્તર ગુજરાત વીજ કંપનીની કામગીરીને બિરદાવવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સ્નેહલભાઈ જોશી, નાયબ અધિક્ષક (હિસાબ) દ્વારા કરવામાં આવેલ. જ્યારે આભારવિધિ કાર્યપાલક ઈજનેર શ્રી એસ.એ. ભટ્ટાચાર્ય દ્વારા કરવામાં આવેલ. ■

કેન્દ્રિત કરીને સૌનો વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી.

શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે મેળવેલી સિદ્ધિઓ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, એક સમયે રાજ્યનો ડ્રોપ આઉટ રેશિયો ૩૮ ટકા હતો જે ઘટીને ૪ ટકા સુધી પહોંચ્યો છે. ગુજરાતમાં ઘર આંગણે ઉચ્ચ શિક્ષણની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અગરીયા અને વિચરતી જાતિના બાળકોના શિક્ષણ માટે ખાસ વ્યવસ્થા કરીને આ સમુદાયને સમાજના મુખ્યપ્રવાહમાં જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પાટડી ખાતે નવી કોમર્સ કોલેજ શરૂ કરવાની જાહેરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આ મુલાકાત દરમિયાન કરવામાં આવેલ.







પાટડી ખાતે ઉદ્‌બોધન

મુખ્યમંત્રીશ્રીએ આ તકે સુરેન્દ્રનગર જિલ્લાના ૪, જૂનાગઢ જિલ્લાના ૨, બોટાદ જિલ્લાના ૨, ભાવનગર અને કચ્છ જિલ્લાના એક-એક, મોરબી જિલ્લાના ૩ મળી કુલ ૧૩ સબ સ્ટેશન્સ અને સમી પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યું હતું અને મહેસાણા જિલ્લામાં નવા બનનારા ૬૬ કે.વી.ના બે સબ સ્ટેશનના ખાતમૂર્હત પણ કર્યા હતા. ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ પાટડીની સુરજમલજી હાઈસ્કૂલના રૂ. ૩.૬૪ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત થયેલા નવા બિલ્ડીંગનું પણ લોકાર્પણ કરેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઉપેન્દ્ર પાંડેના માર્ગદર્શન નીચે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનના અધિકારીઓએ અને કર્મચારીઓએ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરેલ. કાર્યક્રમના અંતમાં જેટકોના મુખ્ય ઈજનેર શ્રી કે. આર. સોલંકી દ્વારા આભારવિધિ કરવામાં આવેલ. ■

## શ્રી જે.કે. દરજીએ મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે કાર્યભાર સંભાળ્યો

તારીખ ૦૧-૦૬-૨૦૨૨ના રોજથી કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે બઢતી મેળવીને શ્રી જે.કે. દરજીએ પોતાનો કાર્યભાર કંપનીની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે સંભાળેલ છે.

શ્રી જે.કે. દરજી, આકર્ષક વ્યક્તિત્વ ધરાવનાર, અનુભવી અને કાબેલ અધિકારી તરીકે પોતાની આગવી છાપ ધરાવે છે. તારીખ ૦૬-૧૨-૧૯૮૮ના રોજ જુનિયર ઈજનેર તરીકે લાડોલ પેટાવિભાગીય કચેરી ખાતે નિમણુક મેળવીને પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. તારીખ ૨૮-૦૯-૧૯૯૮ના રોજ ધાનેરા આર.ઈ.સી સબડિવિઝન ખાતે નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવ્યા બાદ કુકરવાડા, ડીસા સબડિવિઝન-૨, મહેસાણા સર્કલ ઓફિસ ખાતે ફરજ બજાવેલ.



તારીખ ૦૨-૦૭-૨૦૧૩ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે સિદ્ધપુર પેટાવિભાગીય કચેરી ખાતે બઢતી મેળવ્યા બાદ તારીખ ૧૪-૦૭-૨૦૧૪ના રોજ કલોલ વિભાગીય કચેરી ખાતે કંપની હિતમાં બદલી મેળવેલ. તારીખ ૨૮-૧૦-૨૦૧૬ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે ટેકનીકલ વિભાગમાં બઢતી મેળવેલ, તારીખ ૦૧-૦૭-૨૦૧૯ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) તરીકે બઢતી મેળવેલ. આમ કુલ ૩૩ વર્ષથી વધુ સમય માટે વીજવિતરણના સંચાલન અને નિભાવની ફરજોનો બહોળો અનુભવ પ્રાપ્ત કરેલ છે. ટેકનીકલ ક્ષેત્રે તેઓશ્રી ઊંડું જ્ઞાન ધરાવે છે.

કંપનીની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે મુખ્ય ઈજનેર તરીકે પોતાની અગત્યની ભૂમિકા અસરકારક રીતે ભજવીને કંપનીની વિકાસ યાત્રામાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપી સફળ કામગીરી દ્વારા પોતાની સંપૂર્ણ કારકિર્દીને યથાર્થ સાબિત કરશે તેવી યુજીવીસીએલ પરિવાર અપેક્ષા રાખે છે અને તેઓશ્રીની ભાવિ યશસ્વી કામગીરી માટે શુભેચ્છા પાઠવી ખૂબ ખૂબ અભિનંદન આપે છે. ■







ગુજરાત સરકારશ્રી દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીના વીજ ગ્રાહકોને ઉત્કૃષ્ઠ વીજ સેવા મળી રહે તે હેતુથી વડનગર તાલુકા મથકમાં વડનગર ખાતે અને ખેડા તાલુકા મથકમાં ગોબલજ ખાતે એમ બે નવીન કચેરીની મંજૂરી આપેલ છે. જેનાથી ૪૬,૦૦૦ થી વધુ વીજગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડી શકાશે. ■

# યુજીવીસીએલ દ્વારા "વિશ્વ યોગ દિન" ની ઉજવણી


સાબરમતી



સાબરમતી


સાબરમતી


સાબરમતી


હિંમતનગર


મહેસાણા


મહેસાણા

યુનાઈટેડ નેશન્સ દ્વારા ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અનુરોધથી તા. ૨૧મી જૂને "વિશ્વ યોગ દિન" તરીકે સર્વ સંમતીથી ઉજવવાનું નિર્ધારિત કર્યા બાદ, ૮મા "વિશ્વ યોગ દિન"ની ઉજવણી હિંમતનગર, સાબરમતી, પાલનપુર અને મહેસાણા ખાતે ઉત્સાહભેર કરવામાં આવેલ.

સાબરમતી વર્તુળ કચેરી અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશી, શ્રી રાજેન્દ્ર જૈન, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા), શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (માનવસંપદા), શ્રી આર.ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઈજનેર (સાબરમતી) તેમજ ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. નવીન ઊર્જાનું સંચય થાય તે હેતુથી પ્રસિદ્ધ મોટીવેશનલ સ્પીકર શ્રી સંજય રાવલ દ્વારા "તણાવ વ્યવસ્થાપન" વિષય પર પ્રેરણાદાયક પરિસંવાદનું આયોજન કરેલ.

મહેસાણા કોર્પોરેટ ઓફિસ ખાતે મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઈજનેર, મહેસાણા શ્રી બી.જી. પ્રણામી, નાયબ મહાપ્રબંધક (માનવસંપદા), શ્રી એન.બી. બલાત, નાયબ મહાપ્રબંધક (આઈ.આર.), શ્રી વી.એચ. અસારી તેમજ ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધેલ.

હિંમતનગર ખાતે અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહના વડપણ હેઠળ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈને યોગ શિબિરને સફળ બનાવેલ.

પાલનપુર વર્તુળ કચેરી ખાતે અધિક્ષક ઈજનેર શ્રી આઈ. જી. કટારાના અધ્યક્ષ સ્થાને વિશાળ સંખ્યામાં અધિકારીઓ અને કર્મચારીઓએ યોગ શિબિરમાં ભાગ લીધેલ.

ભારત સરકારના આયુષ્ય મંત્રાલય તરફથી આપવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ યોગાસનો, પ્રાણાયામ તેમજ ધ્યાન કરવામાં આવેલ તેમજ દરેક કર્મચારીઓ પોતાના નિત્યક્રમમાં યોગ કરે તેવો સંદેશ પહોંચાડી સમસ્ત સમાજ અને દેશને તંદુરસ્ત બનાવવાનો સંકલ્પ કરવામાં આવેલ. ■







## અભિનંદન

સોયલા ગામે તા.૨૬-૦૬-૨૦૨૨ના રોજ ત્રાટકેલ વાવાઝોડાને લીધે મોટા પાયે થયેલ તારાજી બાદ ત્વરિત વીજવિક્ષેપની ફરિયાદોનું નિવારણ કરી પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવનાર યુજીવીસીએલના વીજ કર્મીઓને હૃદયપૂર્વકના અભિનંદન. ■

# શ્રી એલ.એ. ગઢવી, મુખ્ય ઈજનેર (ઓપી.) અને શ્રી વી.એચ. સોલંકી, અધિક્ષક ઈજનેર (ટેક.)ને ભવ્ય વિદાય

તારીખ ૩૧-૦૫-૨૦૨૨ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ શ્રી એલ.એ. ગઢવી, મુખ્ય ઈજનેર (ઓપી.) અને શ્રી વી.એચ. સોલંકી, અધિક્ષક ઈજનેર (ટેક.)ને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને મુખ્ય ઈજનેર (પી.), શ્રી વી.એમ. શ્રોફ, શ્રી રાજેન્દ્ર જૈન, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા), શ્રી એન.એમ. જોશી, કંપની સેક્રેટરી તથા કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ડી.બી. પટેલ, કાર્યપાલક ઈજનેર (ટેક.) દ્વારા શ્રી ગઢવીની કારકિર્દીનો પરિચય આપીને તેઓની કામગીરીને બિરદાવેલ. શ્રી આર.ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઈજનેર (સાબરમતી વર્તુળ કચેરી) દ્વારા પાલનપુર વર્તુળ કચેરીના ગ્રાહકોમાં શ્રી ગઢવીની લોકપ્રિયતાનો ઉલ્લેખ કરીને તેઓની કાર્યશૈલીને બિરદાવી નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) દ્વારા શ્રી ગઢવીનું નામ પાલનપુર વર્તુળ કચેરીમાં યુજીવીસીએલના પર્યાય સમાન હતું તેમ જણાવી તેમની કાર્યદક્ષતાને બિરદાવી નિવૃત્તિ અંગે શુભેચ્છાઓ પાઠવેલ. શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી.) દ્વારા શ્રી ગઢવી સાથેની કામગીરીના સંસ્મરણો યાદ કરીને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્ત થઇ રહેલ અધિક્ષક ઈજનેર (ટેક.) શ્રી વી.એચ. સોલંકી દ્વારા તેઓના કાર્યકાળ દરમ્યાન સાથ અને સહકાર આપનાર તમામ કર્મચારીઓ અને અધિકારીઓનો આભાર વ્યક્ત કરી પોતાની કારકિર્દીના સંભારણા વ્યક્ત કરેલ.

નિવૃત્ત થઇ રહેલ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એલ.એ. ગઢવીએ પોતાની મોટાભાગની કારકિર્દી પાલનપુર વર્તુળ કચેરીમાં પૂર્ણ કર્યા બાદ કારકિર્દીના આખરી પડાવમાં કોર્પોરેટ ઓફિસ ખાતે મુખ્ય ઈજનેર તરીકે ફરજ બજાવવાની તક મળી તે બદલ સંતોષની લાગણી વ્યક્ત કરેલ. યુવાનીમાં પ્રાઇવેટ કંપની થી લઈને ગુજરાત વિદ્યુત બોર્ડ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ સુધી કારકિર્દીની યાદો તાજી કરેલ.

કચ્છનો ભૂકંપ હોય, કંડલાનું વાવાઝોડું હોય, સુરતનું પુર હોય, પાલનપુરની વરસાદી તારાજી હોય કે સૌરાષ્ટ્રનું તાઉતે વાવાઝોડું હોય તે સમય દરમ્યાન યુજીવીસીએલના કર્મચારીઓની કામગીરી માટેની યાદો વાગોળી યુજીવીસીએલ ભારતની કોઈપણ વીજવિતરણ કંપની કરતાં વધુ સારી રીતે કામગીરી કરવાની ક્ષમતા ધરાવતી હોવાનું જણાવેલ.

પાલનપુર વર્તુળ કચેરીની કામગીરી દરમ્યાન દર વર્ષે યોજાતા ભાદરવી પૂનમના મેળા અને ઊંઝા ખાતે યોજાયેલ લક્ષચંડી મહાયજ્ઞ વખતે કરવામાં આવેલ વીજવિતરણની ઐતિહાસિક કામગીરી વિષે માહિતી આપેલ. કાર્યકાળ દરમ્યાન સાથ અને સહકાર આપનાર નાનામાં નાના કર્મચારીથી માંડી ઉચ્ચ સત્તાધીશોનો આભાર માનેલ તેમજ ભૂલચૂક બદલ ક્ષમાયાચના માગેલ.



















કાર્યક્રમના અધ્યક્ષ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ કંપનીના લોકપ્રિય અધિકારી તરીકેની છાપ અંગે મહોર મારતાં જણાવેલ કે, તાજેતરમાં પાલનપુર અને ડીસા નવનિર્મિત કચેરીઓના લોકાર્પણ પ્રસંગે માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા પાલનપુર વર્તુળ કચેરી અંતર્ગત કોઈપણ ફરિયાદ ન હોવાની વાતને યાદ કરીને શ્રી ગઢવીની મોટાભાગની કારકિર્દી પાલનપુરમાં સફળતાપૂર્વક રહી હોવાની વાતનો એકરાર કરી ગૌરવની લાગણી સાથે નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

શ્રી વી.એચ. સોલંકી, અધિક્ષક ઈજનેર (ટેક.)ની કારકિર્દીની શરૂઆત તારીખ ૧૭-૧૨-૧૯૯૦ના રોજ ૨૨૦ કે.વી. સબસ્ટેશન આગીયોલ ખાતે જુનિયર ઈજનેર તરીકે શરૂ થયેલ. ત્યારબાદ ૬૬ કે.વી. સબસ્ટેશન ભિલોડા ખાતે બદલી મેળવેલ. તારીખ ૨૪-૦૩-૧૯૯૫ના રોજ મેઘરજ ખાતે આર.ઈ.સી. સબડિવિઝનમાં બદલી મેળવ્યા બાદ વિભાગીય કચેરી મોડાસા, મોડાસા

આર.ઈ.સી. સબડિવિઝન, માલપુર સબડિવિઝન, ભિલોડા-૧ સબડિવિઝન ખાતે પોતાની ફરજો બજાવેલ. તારીખ ૧૮-૦૧-૨૦૧૬ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે મહેસાણા, કોર્પોરેટ ઓફિસ ખાતે બઢતી મેળવ્યા બાદ મોડાસા ડિવિઝન તેમજ મહેસાણા વિજીલન્સ સેલમાં ફરજો બજાવેલ, તારીખ ૦૧-૦૪-૨૦૨૨ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે મહેસાણા કોર્પોરેટ ઓફિસ ખાતે આવેલ ટેકનીકલ વિભાગમાં બઢતી મેળવેલ. તારીખ ૩૧-૦૫-૨૦૨૨ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ છે.

કંપની દ્વારા તેઓનું સન્માનપત્ર, શાલ અર્પણ કરીને, શ્રીફળ આપીને, બૂકે આપીને આર્થિક લાભોના ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ જેને ઉપસ્થિત કર્મચારીગણે તાળીઓના ગડગડાટથી વધાવેલ. યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે.

કાર્યક્રમના અંતમાં આભારવિધિ તેમજ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એચ.એન. ભાવસાર, પર્સોનલ ઓફિસર દ્વારા કરવામાં આવેલ. ■

## 'પીક ઓફ સક્સેસ' વિશે પ્રતિભાવ

Very Excellent Work and Needful Data Analysis Work Covered, Good Job Congratulation.

**- Shri B.S. Patel,** DE, Unja

This is Mind Blowing Booklet enlightening the Historical Heights of UGVCL!!!! The Depth of content shows the Bottom of the Heart will by You!!! Indeed, an Excellent Ornament prepared by YourSelf for Past, Present & Future generation of UGVCL!!!! Many Many Too Many Congrats!

**- Shri H.B. Patel,** Ex. EE

Very Good Mirror of UGVCL.

**- Shri M.G. Patel,** Ex. CE

Excellent Dear Shailesh, Congratulations. I am Happy to see Civil team role in booklet of UGVCL Peak of success.

**- Shri P.J. Trivedi,** Ex. ACE Civil

Very Nice Efforts. Congratulations. Such Books should be published by all Discoms and GUVNL every year so that correct data can be available with everyone. It is more useful if subdivision wise such record book is prepared every year. Once again congratulations to all those who have put their efforts.

**- Shri R.B. Patel,** Ex. ACE

Very Good Collection of information and many more. Amazing.

**- Shri J.N. Maheta,** SA E Sabarmati DO

Million Congratulation to you and the hole UGVCL.

**- Vrundaben,** Ex. Alekhan

Very nice collection an information gathered by the CC Cell... Always... Perfect representation made by you... Very Good Work Done by CC Cell. Congratulations to you and entire team of CC Cell.

**- Shri Mitesh Vaishnav,** DYS (A), Ladol, Sub Divisional

Wonderful innovative and superb editing.

**- Shri H.M. shah,** Ex. EE




I have read our yearly Book peak of success 2020-21 particularly HR Topic..." On behalf of entire HR team UGVCL I don't know how to express my feelings about your contribution to it. I would like to write my deepest thanks to you and to the CC Cell team. Thank you all for everything. We would like to express our great appreciation to editor and reviewers for the valuable contribution. We have pleasant experience with the honored yearly Book peak of success 2020-21. I am a fan of each publication and your coordination that helps us achieve this wonderful outcome. "A drop of water offered as a little help deserves a fountain to return the favour".

**- Shri H.N. Bhavsar,** Personnel Officer, RO Mahesana

ખૂબ જ સરસ બુકલેટ બનાવી ઉત્તર ગુજરાત વીજ કંપનીને રાજ્ય તેમજ દેશ લેવલે ખ્યાતિ અપાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સાથે જય જય ગરવી ગુજરાત.

**- Shri Nareshbhai Gurjar,** ALDC, Gandhinagar

# યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા

**ચિ. અંશ પરીખ**
(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૮.૪૪
**વાલી :** શ્રી અશોકકુમાર ગોબરભાઈ પરમાર
**હોદ્દો :** મીટર ટેસ્ટર
ડિવિઝન ઓફિસ, લેબ, કડી



**ચિ. ભાર્ગવ પરમાર**
(ધોરણ-૧૨) એચએસસી, સામાન્ય પ્રવાહ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૭.૯૦
**વાલી :** શ્રી આર. જી. પરમાર
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
કડી-૧, સબ ડિવિઝન



**ચિ. હવિશ જાદવ**
(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૫.૩૧
**વાલી :** શ્રી એસ.એચ. જાદવ
**હોદ્દો :** એક્ઝિક્યુટિવ એન્જિનીયર (IT)
EMC-SCADA, ગાંધીનગર



**ચિ. કાવ્યા પટેલ**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૬૫
**વાલી :** શ્રીમતી મીનાબેન સી. પટેલ
**હોદ્દો :** જુનિયર એન્જિનીયર
મહેસાણા ડિવિઝન



**ચિ. દેવાંશી બ્રહ્મભટ્ટ**
(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૩.૨૭
**વાલી :** શ્રી ભરતકુમાર જે. બ્રહ્મભટ્ટ
**હોદ્દો :** નાયબ ઈજનેર
સોલાર સેલ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**ચિ. જીલકુમાર પટેલ**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૨૬
**વાલી :** શ્રી ગજેન્દ્રકુમાર અંબાલાલ પટેલ
**હોદ્દો :** ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ
વિસનગર-૧, સબડિવિઝન



**ચિ. એશા પટેલ**
(ધોરણ-૧૨) એચએસસી, બી-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૮.૫૬
**વાલી :** શ્રી હિતેશકુમાર ચીમનલાલ પટેલ
**હોદ્દો :** જુનિયર ઈજનેર
હિંમતનગર-શહેર, પેટાવિભાગીય કચેરી



**ચિ. ભૂમિબેન શ્રીમાળી**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૧૫
**વાલી :** શ્રી રવિશંકર નંદલાલ શ્રીમાળી
**હોદ્દો :** આસિસ્ટન્ટ લાઈનમેન
વિસનગર શહેર, પેટાવિભાગીય કચેરી



**ચિ. હિત પટેલ**
(ધોરણ-૧૨) એચએસસી, બી-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૮૫.૮૦
**વાલી :** શ્રીમતી હેતલબેન એસ. પટેલ
**હોદ્દો :** પટાવાળા
ચોઈલા, સબડિવિઝન



**ચિ. વેદ પટેલ**
(ધોરણ-૧૦) ન્યુ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૪.૧૨
**વાલી :** શ્રી રીપલકુમાર નટવરલાલ પટેલ
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
વિસનગર-૧, સબડિવિઝન



**ચિ. યશસ્વી લુહાણા**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૩.૭૩
**વાલી :** શ્રી અશોકકુમાર ઠાકોરદાસ લુહાણા
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
રેવન્યુ વિભાગ, વર્તુળ કચેરી, મહેસાણા



**ચિ. ભૂમિકા સેનમા**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૮૧.૨૩
**વાલી :** શ્રી પ્રહલાદભાઈ એસ. સેનમા
**હોદ્દો :** ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટ
વિસનગર-૧, સબડિવિઝન (ત્રાસવાડ)



# 16મી ડિપાર્ટમેન્ટલ એકાઉન્ટ પરીક્ષા-૨૦૨૨
## પેપર ૧ અને ૨માં વધુ માર્કસ મેળવી ઉત્તિર્ણ થનાર કર્મચારીઓ

**શ્રી એન.જે. પટેલ**
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
**સ્થળ** : આરએસઓ લિંભોઈ
**પેપર :** ૧, **રેન્ક :** ૧
**માર્કસ :** ૮૫



**શ્રી એન.આર. પરમાર**
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
**સ્થળ** : સિદ્ધપુર ટાઉન, સબડિવિઝન
**પેપર :** ૨, **રેન્ક :** ૧
**માર્કસ :** ૬૬



**શ્રી કે.જે. જોશી**
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ
**સ્થળ** : કાણોદર, સબડિવિઝન
**પેપર :** ૧, **રેન્ક :** ૨
**માર્કસ :** ૭૬



**શ્રી બી.બી. જોશી**
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
**સ્થળ** : ડીસા રૂરલ-૧, સબડિવિઝન
**પેપર :** ૨, **રેન્ક :** ૨
**માર્કસ :** ૬૪



**શ્રી જે.એસ. પ્રજાપતિ**
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
**સ્થળ** : હિંમતનગર, સર્કલ ઓફિસ
**પેપર :** ૧, **રેન્ક :** ૩
**માર્કસ :** ૭૫



**શ્રી જે.પી. કાથરોટીયા**
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
**સ્થળ** : પાલનપુર, ડીઓ-૧
**પેપર :** ૨, **રેન્ક :** ૩
**માર્કસ :** ૬૪



## કડી ખાતે મેડિકલ હેલ્થ ચેકઅપનું આયોજન

તા. ૦૮-૦૭-૨૦૨૨ના રોજ કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ કડી વિભાગીય કચેરી કડીના તાબા હેઠળના તમામ સેક્શન તેમજ તમામ પેટાવિભાગીય કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીગણ માટે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

સદર મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ઓફિસના સ્થળ ઉપર ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, ઇ.સી.જી. કાર્ડિયોગ્રામ વગેરેનું ચેકઅપ ડૉ. અલ્પેશભાઈ પ્રજાપતિ (એમ.ડી.મેડી.) ની ટીમ રિધમ હોસ્પિટલ, કડી દ્વારા કરવામાં આવેલ.



# યુજીવીસીએલના માનવંતા ગ્રાહકો નીચે જણાવેલ વીજબીલ ચુકવણીના વિકલ્પોનો ઉપયોગ કરી વધુ સારી સેવા મેળવી શકો છો

બીલ ભરવાની લાઇનમાં ઊભા રહેવાની શી જરૂર?

ઇ-ગ્રામ

વિવિધ કલેકશન એજન્સી મારફતે

કોઇપણ પેટા વિભાગીય કચેરીમાં

**છોડો લાઈન... આવો ઓનલાઈન...**

## આપના વીજબીલના નાણાં નીચેની પધ્ધતિ દ્વારા ઓનલાઇન ભરી શકાશે

- નેટ બેન્કિંગ (ડાયરેકટ બીલ પે ફેસેલીટી) દ્વારા.
- www.ugvcl.com વેબસાઇટ પરથી.
- બેંન્કોની વેબસાઇટ પરથી.
- Bank of Baroda, HDFC બેંન્કના ATM દ્વારા.
- HDFC/BOB Virtual Account RTGS/ NEFT દ્વારા બિલની રકમ ટ્રાન્સફર કરો. Visit at www.ugvclinfo/UGBILL/ index.php (ચાર્જિસ RBIની ગાઈડલાઈન મુજબ).
- યુજીવીસીએલ મોબાઇલ એપ દ્વારા (https://play.google.com/store/ apps/details?id=com.mob.ugvcl કરી શકાશે).
- ઇ-વોલેટ / કેંશ કાર્ડ / રૂપે કાર્ડ / ડેબીટ કાર્ડ / ક્રેડિટ કાર્ડ / વિઝા બીલ પે વિગેરે દ્વારા (કાર્ડ દ્વારા કરેલ પેમેન્ટ ચાર્જપાત્ર રેહેશે).
- portal.guvnl.in પરથી.
- UPI & Bharat QR Code દ્વારા.














Paytm

BHIM UPI

**ટોલ ફ્રી નંબર ૧૯૧૨૧ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ - મહેસાણા**

CIN- U40102GJ2003SGC042906

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો? આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com